સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

લડ્યા હિંમતથી ગુજરાતનું નામ કાઢ્યું!
ગામ, હીરાબાને ગુજરાતીનું નામ કાઢ્યું!
નામ કાઢી નાખ્યું ચર્ચામાંથી જ કોંગીનું -
એક અદના સંઘ કાર્યકરે નામ કાઢ્યું...

હાઈકુ

સાચા અર્થમાં -
રાજ્યાભિષેક દ્વારા -
થયા 'નરેન્દ્ર'

ઔદાર્ય સાથે,
વિકસાવી પડશે -
વિશાળ દૃષ્ટિ

ચિંતન

કાન્તં વક્તિ કપાતિ કાકુલતયા નાથાન્તકાલોઽધુના, વ્યાધોઽધો ધૃતચાપસજ્જિતશરઃ શ્યેનઃ પરિભ્રામતિ । ઇત્થં સત્યહિના સ દષ્ટ ઇષુણા શ્યનો અપિ તેનાહત સ્તૂર્ણ તૌ તુ યમાલયં પ્રતિ ગતૌ દૈવી વિચિત્રા ગતિઃ ॥

સુભાષિત રત્નભાંડાગારના બીજા પ્રકરણ-'નશીબનો મહિમા' નામના અધ્યાયમાં 'નશીબનો મહિમા' કહેવામાં આવ્યો છે.

એક કબૂતરી અત્યંત ડર અને ગભરાઇને ભયમાં ધ્રૂજતી પોતાના પતિને કહે છે. 'હે નાથ! હવે આપણો અંતકાળ તદ્દન નજીક હોય એવું લાગે છે. કારણ કે આ વૃક્ષ નીચે જ ક્રૂર શિકારી આપણા તરફ જ ધનુષ્ય પર બાણ ચઢાવવાની તૈયારી કરી રહ્યો છે અને ઉપર બાજ પક્ષી આપણા ઉડવાની જ રાહ જોઇ આંટા મારી રહ્યો છે જેથી અહીંથી ઉડી શકાય એમ પણ નહીં, (પણ ઇશ્વર અને નશીબમાં શ્રદ્ધા રાખતો પતિ-કબૂતર મૌન રહ્યો.)'

આવી જ પરિસ્થિતિમાં બે-ત્રણ ક્ષણમાં જ બાણ ચઢાવેલા શિકારીના પગમાં સાપે ડંખ માર્યો - અને નિશાન ચૂકેલું બાણ છૂટી ગયું અને વૃક્ષ પર મંડરાતાં બાજ પક્ષીને જ વીંધી નાખ્યું, આમ બે ક્ષણમાં જ શિકારી અને બાજ બંને મૃત્યુને પામ્યા.

અને કબૂતર-કબૂતરી ઇશ્વરની કૃપા-આશીર્વાદ તથા સદ્‌ભાગ્યથી બચી ગયાં - આ છે નશીબનો મહિમા.

સુવિચાર

- માણસ પૈસા બચાવે તે જરૂરી છે પણ એ બચાવેલા પૈસામાંથી માણસ માણસને બચાવે તે વધારે જરૂરી છે **- અમૃત બિંદુ**
- 'સેન્સ ઓફ હ્યુમર' એ નાની અમથી સમસ્યા સામેનું સૌથી મોટું રક્ષણ છે **- શાહબુદ્દીન રાઠોડ**
- મને મળે ભગવાન તો પુરૂ માંગી લઉં અને જો ના મળે તો મારૂ બધું આપી દઉં **- નૂર પોરબંદરી**
- જે માણસ એક સાચો મિત્ર નથી બનાવી શકતો એ ભલે સફળ હોય પણ એનું જીવન નિષ્ફળ જ છે **- અખંડ આનંદ**
- એક ઉત્તમ પુસ્તક હજારો મિત્રોની બરાબર છે પરંતુ એક સાચો મિત્ર આખા પુસ્તકાલય બરાબર છે **- જાપાની કહેવત**
- ક્રોધથી પ્રિતનો નાશ થાય છે, સન્માનથી દ્વેષનો, માયાથી મૈત્રીનો અને લોભથી તમામનો નાશ થાય છે **- હરેન્દ્ર દવે**
- જેની ભાષામાં સભ્યતા હોય એના જીવનમાં ભવ્યતા આવે **- એસ.એમ.એસ.**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

કેટલાંક લોકો દુઃખ-ચિંતાઓ-આવનાર ઉપાધિઓ રોગોને સતત મન અને વિચારમાં પકડી રાખી હાથે કરી દુઃખ-ચિંતા વહોરી લેતાં હોય છે, રોગ હોય તો એનો હિંમતપૂર્વક-હસીને સામનો કરો-ચિંતાઓને ફેંકી આ મળેલી ક્ષણને માણો...

વિજ્ઞાનના એમ.બી.બી.એસ. થનારા વિદ્યાર્થીઓ જે હવે થોડા સમય પછી જ રોગીઓનાં સમૂહ વચ્ચે અને સંસારની સમસ્યાઓ વચ્ચે જવાના હતા એમને જીવન જીવવાનો સંદેશ આપવા, જાણે એક પ્રયોગ કરતા હોય એમ એક જાડાં વાયુ પાત્રમાં છલોછલ પાણી ભરી હાથ સીધો રાખી-ભાવિ ડોક્ટરોને પૂછ્યું - હું આ હાથ આમને આમ કેટલીવાર સુધી રાખી શકું? અને એનું પરિણામ આવે? વિદ્યાર્થીઓના જવાબ આવવા લાગ્યા.

ત્રીસ મિનિટથી વધારે આમ હાથ સીધો રાખી ન શકાય.

બીજો કહે - સ્નાયુ ખેંચાઇ જાય.

ત્રીજો કહે - લકવાની અસર થઇ જાય. લોહીનું ભ્રમણ અટકી જાય.

પ્રોફેસર જે સારા ચિંતક પણ હતા. એમણે કહ્યું, હવે તમે ક્ષેત્રમાં, જીવન મેદાનમાં જશો એટલે મારે તમને એક સંદેશ આપવો હતો. 'ચિંતા-રોગ-ઉપાધિઓ-મુશ્કેલી એ પણ આપણે મનથી પકડી રાખેલો વાયુપાત્રનો પ્યાલો જ છે. પીડાઓને આપણે કામ વિના પણ પકડી રાખી દુખી થઇએ છીએ. નિશ્ચિત થઇ મળેલી ક્ષણ આનંદથી જીવવાનો પ્રયત્ન કરજો.'

Email - sureshchandrabhatt18@gmail.com

કયાંક મિઠાઈ કયાંક વિદાઈ...!! મોદીનાં લાડું જોઈ, રાહુલ જુવે આડું..!!

મારી જ જીદ હતી હું માન્યો નહીં મનાવ્યો, મારી કથાને જીવન જેવો જ કાળ જ કાળ ફાવ્યો
માએ ભરી એક મહેફીલ અમાસ રાતે, વ્હાલા બધાંય આવ્યાં પણ એકેય ના ફાવ્યો

બેટો : (પલંગ નીચેથી ધીમા અવાજમાં) હે.. હે.. હેલ્લો, મમ્મા મેડમ!

મમ્મા મેડમ : (એકદમ ગભરાઈને) ક.. ક.. કોમ.. બોલે છે? અ..અ.. અવાજ બદલીને? (કોણ ઉછીનું મોત લાવ છે.) આમ જુઓ, આવી ધમકી, દબાવવાથી અમે પાછા હટીશું નહીં. (અચાનક હિન્દી-ઈટાલીયન ઉચ્ચારમાં) હે બાગવાન, ઈસ દેશ કો બચાઓ, ઐસા મૈંને કહા થા... યે ખૈસા આઉર ખઅયા હુઆ! સબકુછ ઉલ્ટા હો ચ્હા હાય!

બેટો : (કંટાળીને, પણ ધીમાં અવાજમાં જ) મમ્મા, ઈટ્સ મી!

મમ્મા મેડમ : ઓહ! મને લાગ્યું કે... નમોજીનો ફોન આવ્યો કે શું?

(માંડ શ્વાસ હેઠો બેસતાં) પણ તું ઠીક છે ને બેટાં? કયાંથી બોલે છે?

બેટો : (આમતેમ જોઈ, ધીરે ધીરે બોલ્યો) પલંગ નીચેથી!

મમ્મા મેડમ : (એકદમ ચિંતાગ્રસ્ત થતાં) ઓં, અરે બાપ રે!

બેટો : (રડસમ અવાજમાં) એ લોકો બારીમાંથી અંદર લાડુ ફેંકે છે, મમ્મા! ધિસ ઈઝ સિંપલી નોટ ડન!! ...કેટલા ફટાકડાં ફોડે છે આ લોકો! મારાં તો કાનના પડદા ફાટી જાય છે... દર બે મિનિટે બેલ મારીને મારાં હાથમાં લાડુ પકડાવીને ભાગી જાય છે. આઈ હેટ લાડુ!

મમ્મા મેડમ : (વિચારમાં પડતાં) ઝાડુ? કેજરીવાલ અંકલ તને ઝાડુ પકડાવી ગયાં?

બેટો : (અકડાઈને) મમ્મા, એ ઝાડુવાળો તો સારો, બે-ચાર લાફા ખાઈને, છાપામાં ફોટા પડાવી લે છે. એણે તો દિલ્હીની ગાદી પર ૪૯ દિવસમાં ખાલી કરી નાંખી. એમને તો દેશ આખાએ વાળીઝુડીને સાફ કરી નાંખ્યા. એ શું કામ ઝાડુ આપે? એમને વાળવા માટે જોઈશે ને? દિલ્હીન કચરો કોણ વાળશે?

મમ્મા મેડમ : હા, બેટા તારી વાત સાચી છે. હવે તો એના સાથીઓ શાઝીયા અને ગોપીનાથ પણ એનાંથી કંટાળી દૂર થઈ ગયાં છે અને નમોજીએ તો એને તિહાર જેલમાં પુરાવી દીધો. કયાંક એમની શપથવિધિમાં ધમાલ-ધરણાં ના કરે એ માટે!

બેટો : (મનમાં જ મમ્મીને હવે અક્કલ આવતી લાગે છે) મમ્મા, પણ એક વાત કહું કે આ સરદારોમાં અક્કલ જ નથી હોતી, જોને પંજાબમાં ઝાડુ વાળાને ચૂંટી લાવ્યા!

મમ્મા મેડમ : (આજુબાજુ નજર ફેરવી) ધીમે બોલ, કયાંક મનમોહન બહારનાં રૂમમાં મારાં ચપ્પલની આરતી ઉતારતાં ના બેઠાં હોય!

બેટો : (અવાજ ચોરીને) પણ મમ્મા, જરા નમો અંકલને ફોન લગાડને, મારે એમને કહેવું છે કે ઝાડુવાળાને તિહાર નહીં પણ આગ્રાની હોસ્પિટલમાં મુકી આવવાની જરૂર છે.

મમ્મા મેડમ : (નિસાસો નાંખતા) બેટા, આમાં તારા પપ્પાની જ ભૂલ છે, એકવાર આગ્રાની ગાંડાની હોસ્પિટલમાં ગયેલા એ એક છોકરો સરસ ચોખ્ખું ચણાક આંગણું ઝાડુથી સાફ કરતો હતો. પપ્પાએ તારાં એને ત્યાંથી છોડાવ્યો, ડૉકટર ના પાડતાં હતાં કે આ તમને જ નડશે, પણ, જોને... આજે... આણે જ આપણી ઝાડુથી સફાઈ કરી!!

બેટો : (મમ્મીને આડાપાટે જતી જોઈ) લાડુ, લાડુ મમ્મી હું લાડુની વાત કરતો હતો.

મમ્મા મેડમ : (પાછા મેઈન ટોપિક પર આવતા) હા, બોલ બેટા શું છે? લાડુ, હવે આપણે લાડુ ખાવાને લાયક જ નથી રહ્યાં!

બેટો : (રડસમ અવાજે) મમ્મા, સવારથી ચૌદ લાડુ ખાઈ ચુક્યો છું. જે આવે છે એ મોઢામાં લાડુ મુકીને ચાલ્યો જાય છે. હવે તો પેટમાં ગરબડ અને ઉલ્ટી જેવું થાય છે... તું જલ્દી નમો અંકલને ફોન કરીને કમ્પ્લેઈન કર ને!! મારૂં તો એ માનતા જ નથી. મેં એમને ફોન કરેલો તો મે બોલ્યાં, 'બેટા, લાડુ ના ભાવતાં હોય, તો તારાં માટે ટૉફી-ચૉકલેટ મોકલાવું?' નૉનસેન્સ સાલો!!

મમ્મા મેડમ : (હતાશ થઈ જતાં) હવે કોઈનું કાંઈ સાંભળવાની જરૂર નથી. બેટા, ચલ જવા દે બધું. તું પલંગ નીચે કેમ બેઠો છે, એ જરા પહેલાં કહે તો? અને એ કાંઈ ફોન કરવાની જગ્યા છે?

બેટો : (એકદમ ઉદાસ અવાજે) કોઈકે કીધું કે સુનામી આવવાનો છે, સુરક્ષિત જગ્યાએ ચાલ્યા જાવ, એટલે પલંગ નીચે...

મમ્મા મેડમ : (પોતાની જાત પર સંયમ રાખતા) હવે નીકળ ત્યાંથી બહાર, સુનામીનું મોટું મોજું આવીને જતું પણ રહ્યું! આપણાં આટલાં વર્ષોની મહેનત પર પાણી ફેરવી દીધું. બેટા, આપણું નસીબ સારૂં તે આપણાં બંનેનું ઘર બચી ગયું...

બેટો : (આશ્ચર્યચકિત થતાં) સુનામી આવી ગયો? અને મને કેમ દેખાયો નહીં?

મમ્મા મેડમ : (ઊંડો નિશ્વાસ નાંખતા) આપણામાંથી કોઈને જ એ સુનામી દેખાયો નહીં. બધાં કહેતા કે મોદી નામનો સુનામી આવવાનો છે, પણ આપણને એમ કે ગુજરાતી 'ફેંકુ' ચાની કિટલીવાળો તો કાંઈ સુનામી લાવી શકે?? આપણાં આડોશી-પડોશીએ આપણને અંધારામાં રાખ્યા, અને બરબાદી આવી ગઈ...

બેટો : પણ, પેલા મણીશંકર અંકલે શું કામ નમોજીને ચાયવાળા કીધાં? એમણે તો 'ચાય પે ચર્ચા'ની ધમાલ મચાવી દીધી!!

મમ્મા મેડમ : હા, બેટા, કોકે 'નીચ' કીધું, કોકે 'હીટલર', કોકે 'શૈતાન' કીધો, કોકે 'ટૂકડે ટૂકડે કરવાની ધમકી આપી' અને મને એમ કે આ તુફાન કયાંક વળી જશે, પણ એણે તો આપણને ઘરમૂળમાંથી ઉખાડી નાંખ્યા!!

બેટો : (ચહેરા પર હાસ્ય લાવતાં) પણ મમ્મા ચિંતા ના કરીશ આજનાં ન્યૂઝ જોયાં? હવે ઈટાલીના વિઝા 'ઓન અરાઈવલ' નમો અંકલે કરી નાંખ્યા, એટલે મામાને ઘરે જવાની મજ્જા જ મજ્જા!!

મમ્મા મેડમ : (અકડાઈને) એમાં ખુશ થઈને તાળીઓ પાડવાની જરૂર નથી, એ તો આપણને અહીંથી વિદાય કરવાની નમોજીની સાજિશ છે...

બેટો : (અક્કલ લડાવી વાત કરતાં) હં... એટલે આપણી વિદાઈ અને એ વહેંચશે બધાને મિઠાઈ...

મમ્મા મેડમ : (ગળગળા થતાં) એટલે કહું છું મોદીનાં લાડું જોઈ હવે આમ આડું જોવાની જરૂર નથી!!

બેટો : (મમ્માને સમજાવતાં) હોતાય... હોતાય.. બટ ડૉન્ટ વરી, મૈં હુ ના, શપથવિધિ તો નક્કી થયાં પ્રમાણે ર૬મી મે એ જ છે ને??

મમ્મા મેડમ : (ડુસકો ખાતાં) શપથવિધિ તો થશે, પણ તારી નહીં...! અને દુઃખની વાત તો એ છે કે આપણે ત્યાં હસતાં મોંઢે હાજર રહેવું પડશે... આપણી નજર સામે જ 'પેલો' માણસ શપથ લેશે, આ વિચારથી જ મારું માથું ભમે છે... હટ, કેટકેટલાં સ્વપ્ના જોયાં હતા મેં તારા માટે!!

બેટો : (મેટર ઑફ ફેક્ટલી) આ બધું પેલાં મનમોહન અંકલને લીધે જ થયું ને? પેલાં મોદી અંકલના લાડું વહેંચાતા હતા ત્યારે આપણે ત્યાં શ્રીફળ વહેંચાતા હતા!!

મમ્મા મેડમ : શ્રીફળ નહીં, નારિયેલ હતાં, નારિયેળ!! એટલે જરૂર પડે ત્યારે ગમે તેને હોળીનું નારિયેળ બનાવી શકાય!!

બેટો : એટલે શ્રીફળ અને નારિયેળમાં ફેર નહીં? આ ગુજરાતીઓ એક જ વસ્તુના બબ્બે નામ રાખી, અર્થ ફેરવી નાંખે છે, મારે કંઈક કરવું પડશે આ ગુજરાતીઓનું...

મમ્મા મેડમ : (વિચાર કરીને) આપણાં પક્ષમાં નારિયેળની કમતરતાં નથી, તું જરા તારી કાળજી લેજે!!

બેટો : (બેફીકરો થઈ) આઈ એમ ઑકે મમ્મા...! હું કાંઈ ચૉકલેટ અને ફુગ્ગાથી રમતો નાનો ગગલો છું? મારી શું કાળજી લેવાની?

મમ્મા મેડમ : (મૂલ્યવાન સલાહ આપતાં) ... એકાદ મહિનો છાંપા વાંચીશ નહીં, ટીવી જોઈશ નહીં અને હેલ્મેટ વગર બહાર નીકળીશ નહીં, કોઈ તને હોળીનું નારિયેળ બનાવી માથે ફોડી દેશે !!

ચૂંટલો :

મોદીની લહેર મા-બેટાને દેખાઈ નહીં અને એના સુનામીએ સંપૂર્ણ ઑવર કોન્ફીડન્સમાં રાચતાં કોંગ્રેસની વિદાય કરી મોદીને મિઠાઈ ખાતાં કરી દીધાં. આવનારી આંધીને ઓળખી શકતાં હોત તો લાડુ ને જોઈ આડુ જોવાનાં દિવસો આવ્યાં ન હોત.

મોમ, આજે અંધારામાં કેમ બેઠાં છો? સોફા પર જ અત્યાર સુધી સુઈ રહ્યા છો, મેં કેટલી બેલ મારી છતાં તમે બારણું ન ખોલ્યું તેથી મારે મારી ચાવીથી ખોલીને અંદર આવવું પડ્યું

નવાં કલેવર
- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

હવે તો એ વાતમાં જરા પણ શંકા ન હતી. પંચાણું ટકા એ જ છે. જયારથી મેં તેને નેવી બ્લ્યુ શર્ટ આપેલું ત્યારથી એ તેનો પસંદગીનો રંગ બની ગયો હતો. અને એ જ રીત છે. પોતાનો વિશ્વાસ બીજા પર ઠોકી બેસાડવાની, ઝખ મારીને તેને એ વિશ્વાસ નિભાવવો જ પડે.

લાંબા વાળાની એ દિવસોની ધૂંધળી વાત મન ભુલવા માંગે તો પણ ભુલાતી ન હતી. આવી જ એક જબરજસ્તી મુલાકાત બાદ પછી તો સહજ અને બેચેન કરનારા મુલાકાતો એ પરિવર્તીત થઇ ગઈ હતી. આત્મીયતાના આહ્લાદ અને વિશ્વાસથી ભરપૂર આકાંક્ષા આસમાનના ઇન્દ્રધનુષ હિંડોળે ઝુલતી હતી અને તેના સાતે રંગ જાણે બરાબરના ખીલ્યા હતા. પોતાના કુટુંબ બાબતે અભિનવને વાત કરેલી અને તેના મમ્મી-પપ્પા એક મિનિટમાં પોતાના-પોતાની દીકરીની પસંદને સ્વીકારી લેશે એ વાતનો તેને પુરો વિશ્વાસ હતો. હવે જો વિલંબ હતો તો એ હતો એ અભિનવને મમ્મી-પપ્પા સામે લઇ જઇ ઊભા કરી દેવાનો. ક્યારે કહેવું? કઇ રીતે કહેવું? આ આકાંક્ષા શરમાઇ જતી હતી.

એ હિંડોળાનું ટૂટવું, રંગોનું રંગહીન થઇ જવું એ બધું આજે પણ તેને ભય પમાડે છે. તેના ચહેરાની ચમક અને સ્વરમાં આવેલ આર્દ્રતાની હલક જોઇ તેની બેસ્ટ ફ્રેન્ડ કૃતિકાએ કોલેજમાં પુછેલું 'વાત શું છે આકાંક્ષા.'

'કંઇ નથી, એ તો બસ એમ જ' સહેજ લજવતાં આકાંક્ષાએ કહ્યું.

'હાં એ જ તો...'

'એ કોણ? કોણ છે તેની સાથે ઓળખાણ તો કરાવ.'

'અભિનવ'

ઓહ! શિટ્ આપણા ક્લાસનો પેલો અભિનવ?'

'હાં એ જ'

'તો મને પણ તે ઝપટમાં લઇ લીધી'

'શું બકવાસ કરે છે તું'

'બકવાસ નથી કરતી સાચું કહું છું.'

'હું માંડ તેનામાંથી નીકળી શકી છું.'

બધું પૂરું થઇ જવાનું હતું ત્યાં જ કૃતિકાએ પોતાની વાત કરીને મને બચાવી લીધી.

પછી તો અભિનવ બાબતે કૃતિકા એ ઘણું આડુંઅવળું કહ્યું. ખુબ જ ખોદણી કરી અને છેવટે એમ પણ કહ્યું કે તને મારા પર વિશ્વાસ ન હોય તો ફલાણાં ઢીંકણાને પણ પુંછી જોજો.' આ વાતે તો તેને મૂળમાંથી જ ઉખેડી નાંખી, તે દિવસે કેટલી મુસીબતે ઘેર પહોંચેલી. ચહેરા પર ઉદાસીનતા લઇને. તે કૃતિકાની વાત ક્યારેય માનત નહીં, તેની બધી વાતો નકારી દેત, જો તેણે કેન્ટીનના પાછળના બાગે ગુલાબનો એવો જ ગુલદસ્તો આપતા અભિનવને જોયો ન હોત તો. એ વાત અલગ છે કે કૃતિકાએ વાતનો વિશ્વાસ પડે તે માટે ખુદ કહેલું કે છુપાઇને જોજે.

સમયે આકાંક્ષાને બચાવી લીધી અથવા તો આકાંક્ષાએ જ સમયને ઓળખી લીધો. એ નક્કી કરવું મુશ્કેલ છે પણ આજે તે ખુબ હિંમતથી જીવે છે. અભિનવના તેને મળવાના ઉખાભર્યા પ્રયાસોને તેણે ઠંડે કલેજે દબાવી દીધા. ચારે બાજુ પતંગીયાની જેમ ઉડાઉડ કરતી આકાંક્ષા તેના મમ્મી-પપ્પાની આજ્ઞાકારી દિકરી બની રહી. તેણે હા કહેતાં જ સામે પક્ષેથી પણ સંમતી સધાઇ ગઇ. અને પહેલાં માંગામાં જ સંબંધ થઇ ગયો. એ દિવસોમાં જ તેના પપ્પાની ટ્રાન્સફર પણ થઇ ગઇ. તેથી બીજા શહેરમાં રહેવા જતા બાકી કસર રહેતી એ પણ પુરી થઇ ગઇ. અને જાણે કે ઉપર ઉપરથી તો અભિનવના પ્રકરણ પર પડદો પડી ગયો.

ઓહ! ક્યાંથી ક્યાં આવી ગઇ. સાંજ થવા આવી બધાં આવતાં જ હશે, રાહ... જોવાની બીજું શું? તે ઝટપટ કીચનમાં ગઇ.

ટૂટીને ફરી સહજ રીતે જોડાઇ જતી કોશીકાઓની જેમ ભીતરમાં ખળભળતો સ્નેહ તેના સ્પંદનની સ્મૃતિઓ સતત, જીવિત થતાં સળવળી રહતો હતો. જે વધુ અનુકૂળ વાતાવરણ મળતાં ખીલીને બહાર આવવા મથતો હતો.

બીજે દિવસે સાડા ત્રણ વાગ્યા ન વાગ્યા ત્યાં તો આકાંક્ષા પિંક શિફોન સાડીમાં સજ્જ થઇ ગઇ. તેના કપાવેલા વાળ અને ચશ્માને કારણે તે કંઇક અલગ લાગતી હતી પણ તેના ચહેરાની સુંદરતા અને તનનું લાવણ્ય હજુ એવું જ છે. એવું તેને લાગ્યું. મળવું નથી બસ દૂરથી જોઇને સંતોષ માનવો છે કે જેના વિશે તે વિચારે છે એ જ છે કે બીજો. જરા વહેલાં પહોંચીને દૂર કોઇ ટેબલ પર લેવા માંગતી હતી. બરાબર એ જ રીતે તે જઇને બેઠી. બરાબર ચાર વાગ્યે ડાબી બાજુનું વચ્ચેવાળું ટેબલ ભરાઇ ગયું. લાંબા સમય પછી પણ તેને ઓળખવામાં આકાંક્ષાને જરા પણ વાર ન લાગી. એ અભિનવ જ હતો. શારીરિક સૌષ્ઠવમાં જરા વૃદ્ધિ થયેલી પણ તેની ઊંચાઇને કારણે લાગણી ન હતી. અત્યારે પણ કંઇક બોલતાં ચિબુક પર ખાડો પડતો હતો. તેણે એ વાત તે બેયરને ઓર્ડર લખાવતો હતો ત્યારે નોટીસ કરી લીધેલી. કપડાં પહેરવાનો એજ સુરૂચિપૂર્ણ ઢંગ, દીકરી સુનિધિની હડપચી પર પડતો એવો જ આકર્ષક ખાડો અને દરેક બાબતમાં સભ્યતા સભર રીતભાતની આદતે આકાંક્ષાને જુની વાતો યાદ અપાવી. આ એક ચિહ્નનીબાદ કરતાં તેના ચહેરા પર જનક નહીં પણ જનની છાપ વર્તાતી હતી. ભીની આંખની કોરને તેણે કોફીના મગની આડમાં છુપાવી લીધી. ત્યાં બેસવું હવે મુશ્કેલ લાગતું હતું. તેથી બિલ આવ્યા વિના જ ટેબલ પર પૈસા મુકી બેબાકળી એ બહાર નીકળી ગઇ.

'મોમ, આજે અંધારામાં કેમ બેઠાં છો? સોફા પર જ અત્યાર સુધી સુઇ રહ્યા છો, મેં કેટલી બેલ મારી છતાં તમે બારણું ન ખોલ્યું તેથી મારે મારી ચાલીથી ખોલીને અંદર આવવું પડ્યું.' ટક દઇને ડ્રોઇંગ રૂમની લાઇટ ચાલુ કરી લાડ કરતાં દીકરીએ કહ્યું.

સાત વાગી ગયા હતા. તેને ભાન જ ન રહ્યું તે રોતાં હિબકતાં સ્મૃતિઓમાં ડુબકીઓ લગાવતાં ક્યારેક આખ લાગી ગઇ.

આજ... પીંક... પીંક? શું તમે ક્યાંક ગયા હતા?

'.....'

'વાત નહીં કરો? સારું તમને તો મન પડે ત્યારે મૌન થઇ જાવ છો.'

'.....' ? કંઇ પુછવું નહીં પણ દીકરીની આંખમાં પ્રશ્ન હતો.

'હોટેલ લેન્ડ માર્કમાં...' વાત પુરી કરવા જાય ત્યાં વચ્ચે જ એ બોલી પડી.

'કેમ ભાઇ કેમ?'

(ક્રમશઃ)

લગ્નબાહ્ય સંબંધ વિશે દુનિયા શું કહે છે?

ગુલમહોર
- દિનેશ દેસાઈ

બ્રિટીશ સમાજશાસ્ત્રી પ્રા. કેથેરિન હકીમ (જન્મ તા.૩૦ મે, ૧૯૪૮)નું કહેવું છે કે "Let us be adult's about adultery. Because of Affair's in marriage help's to hang on to your marriage." એટલે કે "લગ્નબાહ્ય સંબંધ (વ્યભિચાર)ની બાબતમાં આપણે હવે પરિપક્વ બનવું જોઈએ, કારણ કે લગ્નબાહ્ય સંબંધ તમારા લગ્ન બચાવી લેવામાં મદદ કરતા હોય છે." પ્રા. કેથેરિન હકીમે વૂમન ઈશ્યૂઝ અને વૂમન ઈશ્યૂઝ ઈન મેરેજ લાઈફ વિશે ખુબ સંશોધન કર્યું છે અને ખુબ લખ્યું છે.

આપણે ત્યાં ભારતીય પરિપ્રેક્ષ્યમાં ૨૧મી સદીમાં પણ ઍડલ્ટરી – વ્યભિચારને પાપ ગણવામાં આવે જ છે. વ્યભિચાર – લગ્નબાહ્ય સંબંધ વિશે કેથેરિનનું વિધાન ચોંકાવનારું અને આંખો ખોલનારું છે. તેના કહેવા પ્રમાણે લગ્નબાહ્ય સંબંધ ઘણી વાર તમારા લગ્ન બચાવી લેવામાં મદદ કરે છે. જ્યારે કજોડાનો વેશ રચાયો હોય ત્યારે લગ્ન તૂટી ન પડે એ માટે પણ ઍડલ્ટરી ઉપચાર બની જાય છે, આ બ્રિટીશ સમાજશાસ્ત્રી પ્રા. કેથેરિનનો મત છે. આપણે એવા સંબંધોને જસ્ટીફાઈ કરતા નથી.

પ્રા. કેથેરિન મહિલાલક્ષી મુદ્દાઓના ઊંડા અભ્યાસી છે. મહિલા બાબતોના પોર્ટફોલિયો સાથે તેઓ બ્રિટીશ સરકાર સાથે જોડાયેલાં છે. લંડન યુનિવર્સિટીની લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં તેઓ સીનિઅર રીસર્ચ ફૅલો છે. કેથેરિન હકીમ ત્યાં જ સેન્ટર ફોર પોલિસી સ્ટડીઝમાં પણ સીનિઅર રીસર્ચ ફૅલો છે. તેઓએ લેબર માર્કેટ, મહિલાલક્ષી જાતિગત અસમાનતાઓ, સોશિયલ ઍન્ડ ફેમિલી પોલિસી - પ્રોબ્લેમ તથા સેક્સ પ્રોબ્લેમ ઈન મેરેજ લાઈફ વગેરે વિષયોમાં સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં છે.

> પ્રેમ હોય અને લગ્ન પણ હોય તો એના જેવી ઉત્તમ અવસ્થા બીજી કોઈ હોઈ શકે નહીં, સંબંધની સફરમાં આરોહ અને અવરોહ આવે જ, મધુર સંગીતનો નિયમ આરોહ - અવરોહ છે, આ જ પ્રમાણે મધુર સંબંધ -મધુર જિંદગીમાં પણ આરોહ - અવરોહ આવવા જોઈએ, એમાં નિરાશ થવું ન જોઈએ

જીવનમાં તણાવ આવે કે પતિ-પત્ની વચ્ચે કોઈ સમસ્યા સર્જાય તો એ કેમ સર્જાય છે અને એવું બને તો શું કરવું? ભૂલ વિનાનો માનવી મળવો મુશ્કેલ છે. માણસ હોય તેનાથી ભૂલ તો થતી રહે. હા, એકની એક જ ભૂલ બીજી વાર ન થાય તેની કાળજી લેવી રહી.

એક સરસ મજાની પ્રેરક કથા છે : એક ચકલીએ આકાશમાં ખુબ ઊંચે સુધી ઊડાન ભરી. ઊંચે ઊડવાથી તે ખુબ ખુશ હતી. સામાન્ય રીતે ચકલી ઊંચે સુધી ઉડવાનું બંધારણ ધરાવતી નથી. બંધારણથી વિપરીત ઊંચે ઊડવાના કારણે વધુ ઊંચાઈ પર ઠંડક અને ભેજ લાગવાથી તે ઊડતા ઊડતા જ ધરતી ઉપર ઢળી પડી. (સંદેશો – ૧ : ખુબ ઊંચે ઊડનારે નીચે પટકાવું જ પડે છે.) એવામાં ત્યાંથી પસાર થતા ગૌમાતાએ ઉત્સર્જન કર્યું. છાણના પોદળામાં બેભાન ચકલી ઢંકાઈ ગઈ. પરંતુ એ ઠરી ગઈ હોવાથી એને ફાયદો એ થયો કે પોદળામાં તેને હૂંફ – ગરમાટો મળ્યો. તે સાજી થઈ અને તરત મોઢું બહાર કાઢીને ચીં...ચીં...ચીં...ચીં... કરવા માંડી. એ તો ગેલમાં આવી ગઈ. એવામાં ત્યાંથી પસાર થતી બિલાડીએ તેનો અવાજ સાંભળ્યો અને બિલ્લી માસી ખુશ થઈ ગયા, કેમ કે તેને ખોરાક મળી ગયો. બિલ્લી માસીએ ચકલીને બહાર કાઢી એટલે ચકલીને એમ થયું કે બિલ્લી માસી તો મારો જીવ બચાવવા આવ્યા. પરંતુ બિલ્લી માસી તો ચકલીનો કોળિયો બનાવીને ખાઈ ગયા.

કથાના આ ઉત્તરાર્ધમાં પણ નવા ત્રણ સંદેશા મળે છે : (૧) જે આપણા ઉપર ગોબર ફેંકે, એટલે કે જે આપણું ખરાબ કરે છે, તે આપણો દુશ્મન જ હોય એવું હંમેશા બનતું નથી. આથી હંમેશા એવું ન વિચારવું જોઈએ. (૨) ગોબરમાંથી કોઈ આપણને બહાર કાઢે, એટલે કે મુશ્કેલીના સમયમાં કોઈ આપણી મદદ કરે અને મુશ્કેલીમાંથી બહાર કાઢે તે વ્યક્તિ હંમેશા આપણો દોસ્ત યા શુભચિંતક હોય એવું હંમેશા બનતું નથી. (૩) છેલ્લો સંદેશો એટલો જ કે આપણે જે કોઈ પરિસ્થિતિમાં હોઈએ, તેમાંથી ડોક બહાર કાઢીને તેનો પ્રચાર કરવો ન જોઈએ. અર્થાત્ આપણી સમસ્યાઓનાં આપણે જાહેરમાં ગાણાં ગાવાં જોઈએ નહીં. કારણ કે આપણી આસપાસના લોકોને તમાશો જોવામાં રસ હોય છે, મદદ કરવામાં રસ હોતો નથી.

પ્રેમ હોય અને લગ્ન પણ હોય તો એના જેવી ઉત્તમ અવસ્થા બીજી કોઈ હોઈ શકે નહીં. સંબંધની સફરમાં આરોહ અને અવરોહ આવે જ. મધુર સંગીતનો નિયમ આરોહ – અવરોહ છે. આ જ પ્રમાણે મધુર સંબંધ – મધુર જિંદગીમાં પણ આરોહ – અવરોહ આવવા જોઈએ. એમાં નિરાશ થવું ન જોઈએ. ચકલીની કથાની જેમ આપણે આપણા નિજી – અંગત સંબંધોને જાહેર ચર્ચાનું માધ્યમ યા વિષય બનાવીએ તો બદનામી જ મળતી હોય છે. લોકોને માત્ર તમાશો યા ચર્ચામાં રસ હોય છે, ઉકેલમાં નહીં. ઉકેલ તો મધુર સંબંધમાં રહેવા માગતા બે વ્યક્તિએ જ લાવવાનો હોય છે. આ જ છે, જીવનની મધુરતા. મધુર સંબંધ અને આરોહ – અવરોહ જાણે એક સિક્કાની બે બાજુઓ છે. આ જ છે જિંદગી. થોડી ખાટી, થોડી મીઠી. ક્ભી ખુશી, ક્ભી ગમ. ફિર ભી મુશ્કરાતે રહો હર દમ.

સ્ટોપર :

"મેં આખી દુનિયા યુદ્ધ કરીને જીતી પછી એવું લાગે છે કે લડવું સહેલું છે, પ્રેમ કરવો અઘરો છે."

– નેપોલિયન બોનાપાર્ટ